હિંમતનગરમાં એક મંડપ નીચે સર્વધર્મ સર્વજ્ઞાતિના આઠમા લગ્નોત્સવમાં ૧૬ દીકરીઓના લગ્ન

હિંમતનગર, તા. ૧૩

ભારતભરમાં આજે 'અસહિષ્ણુતા' શબ્દ ભારે ચર્ચાસ્પદ બન્યો છે. લેખકો, ફિલ્મી અભિનેતાઓ છાશવારે અસહિષ્ણુતા મુદ્દે પોતાના નિવેદનો આપી રહ્યા છે. ત્યારે આવા લોકોના મોઢા બંધ કરતો પ્રસંગ રવિવારે હિંમતનગમરાં બન્યો હતો. જ્યાં દરેક ધર્મના

લોકોએ એક સાથે, એક જ મંડપ નીચે પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. જેમાં શહેનાજ, સ્ટેલા, પારૂલ સહીત ૧૬ દીકરીઓ આજે એક જ મંડપમાં લગ્નગ્રંથીથી જોડાઈ છે. ત્યારે અસહિષ્ણુતા મુદ્દે વારંવાર નિવેદનો આપીને પોતાના નિવેદનોને વળગી રહેનાર લોકોને લપડાક મારતો પ્રસંગ આજે યોજાયો હતો. હિંમતનગરમાં આવેલી વિદ્યાનગરી કોલેજના આંગણે લાયન્સ ક્લબ દ્વારા આજે હતો. હિંમતનગરમાં આવેલી વિદ્યાનગરી કોલેજના આંગણે લાયન્સ ક્લબ દ્વારા આજે સર્વ ધ્રમ અને સર્વ જ્ઞાતિય સમૂહ લગ્ન યોજાયેલો. જેમાં જિલ્લાભરમાંથી ૧૬ નવ દંપતીઓ લગ્નગ્રંથીથી જોડાયા અને આ નવ દંપતીમાં માત્ર હિંદુ જ નહિ પરંતુ મુસ્લિમ અને ખ્રિસ્તી નવ દંપતીઓએ પણ પ્રભુતામાં પગલા પાડ્યા છે.

આ અંગે ડિવાઈન લાયન્સ ક્લબના પ્રમુખ બ્રિજેશ પટેલે જણાવેલ કે અહીં લગ્નગ્રંથીથી જોડાનાર યુગલો માટે સૌથી મોટી વાત એ હતી કે તેમને અલગ અલગ ધર્મના રીત રીવાજો અહી એક જ જગ્યાએ જોવા મળ્યા. દરેક ધર્મની ખાસિયત, તેમના અલ રીવાજ બધુ જ એક સાથે અહી જોવા મળ્યુ તો મુસ્લિમ નવ દંપતીઓના નિકાહ કરાવવા માટે ખાસ મૌલવી પણ હાજર હતા. ત્યારે દરેક ધર્મના લોકોએ અહી ઉત્સાહપૂર્વક દરેક નવ દંપતીઓને આશીર્વચન પાઠવ્યા હતા. તો નવ દંપતીઓએ પણ આ સમગ્ર આયોજનને વખાણ્યું હતું. દરેક ધર્મના આગેવાનોએ અહી આવીને નવ દંપતીને પોતાના યથા શક્તિ ભેટ, સોગાદો આપી હતી. ત્યારે હવે લોકો ભલે અહી અસહિષ્ણુતા મુદ્દે વાતોના વડા કરીને પ્રચારમાં રહે પણ ભારતની સાચી એકતા કેવી છે એ આ સમૂહ લગ્નોત્સવમાં ઉડીને આંખે વળગતી હતી. આ સમુહલગ્નોત્સવમાં પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી પ્રફુલ પટેલ, એનઆરઆઈ સી.કે. પટેલ, ડી.એલ. પટેલ, પાલિકા પ્રમુખ નીલાબેન પટેલ, ડૉ. ચીમનભાઈ પટેલ, બ્રિજેશ પટેલ, મોહનભાઈ નાયી તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલપુર પાસે માર્ગ અકસ્માતમાં સાબરકાંઠા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખનું મોત

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અને ખેડબ્રહ્મા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ તથા પોશીના અને ખેડબ્રહ્મા મામલદાર કચેરીમાં ફરજ બજાવતા ચાર નાયબ મામલતદાર અને બે કોમ્પ્યુટર ઓપરેટરોને રવિવારે વહેલી સવારે વડાલી ધરોઈ માર્ગ પર આવેલ માલપુર પાસે માર્ગ અકસ્માત થતાં તેમાં સાબરકાંઠા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. તેમજ અન્ય ૬ જણાને ઈજા થઈ હતી. અકસ્માતની ઘટના અંગે મૃતકના ભાઈએ સ્કોર્પીયોના ચાલક વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ તથા વડાલી નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ દિપકભાઈ ભાગડીયા તથા ખેડબ્રહ્મા અને પોશીના મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા ચાર નાયબ મામલતદાર અને બે કોમ્પ્યુટર ઓપરેટરો શનિવારે રાજસ્થાનમાં આવેલા રામદેવરાના દર્શન કરવા માટે શનિવારે સ્કોર્પીયો નં. જીજે.૦૯.બીબી.૬૨૩૩ લઈને ગયા હતા. ત્યારબાદ રવિવારે વહેલી સવારે તેઓ સ્કોર્પીયો સાથે વડાલી ાવી રહ્યા હતા ત્યારે અચાનક માલપુર પાસેથી પસાર થતા હતા ત્યારે સ્કોર્પીયોના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી સ્કોર્પીયોને ઝાડ સાથે અથડાવી દઈ રોડની સાઈડમાં ઉતારી દીધી હતી. જેના કારણે સ્કોર્પીયોમાં બેઠેલા દિપકભાઈ ભાગડીયાનું ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. તેમજ અન્ય છ જણાને ઈજા થતાં તેમને સારવાર માટે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા. ત્યારબાદ સ્વ. દિપકભાઈ ભાગડીયાની નીકળેલી સ્મશાન યાત્રામાં રાજકીય, સામાજિક અગ્રણીઓ તથા જ્ઞાતિજનો જોડાયા હતા. વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડૉ. એ.કે. ચારણ અને પ્રદીપ ગઢવીએ તેમને સારવાર આપી હતી. પરંતુ તેમની તબિયત વધુ લથડતા વધુ સારવાર માટે ઈડર અને હિંમતનગર ખસેડાયા હતા. અકસ્માતી ઘટના અંગે મૃતક દિપકભાઈ ભાગડીયાના ભાઈ જીજ્ઞેશભાઈ ભાગડીયાએ સ્કોર્પીયો ચાલક વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઓબીસી એકતા મંચના પ્રમુખે ભાગડીયાના પરિવારને રોકડ સહાય આપી

સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખનું રવિવારે અકસ્માતમાં મોત થતાં ઓબીસી એકતા મંચના પ્રમુખ અલ્પેશ ઠાકોરે રવિવારે આવી તેમની સ્મશાનયાત્રામાં જોડાયા બાદ મૃતકના પરિવારને રૂ. ૧.૫૧ લાખની સહાય આપી હતી અને મૃતકની યાદમાં જે સ્થળે અકસ્માત થયો હતો ત્યાં દિપકભાઈ ભાગડીયાનું સ્મારક બનાવવાની જાહેરાત કરી હતી.

અરવલ્લીમાં બટાકાનું વાવેતર કરનાર ભૂમિપુત્રો ચિંતિત

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો પરંપરાગત ખેતી છોડી આધુનિક અને મબલખ ઉત્પાદન અને વધુ નફો રળી આપતી નવી ક્રાંતિકારી ખેતી તરફ છેલ્લા કેટલાક વર્ષોથી નજર દોડાવી વાવણી કરી મલબખ ઉત્પાદન અને સારો એવો નફો મેળવી રહ્યા છે. જિલ્લાના ભૂમિપુત્રોએ મોટા પાયે બટાકાની વાવણી કરી છે ત્યારે શિયાળાની ઋતુએ ડિસેમ્બર અડધો પૂર્ણ થવા આવ્યો છતાં મોસમ નહિ પકડતા વાવેતર કરાયેલા બટાકના પાકની વૃધ્ધિ પર જાણે સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ઠંડીના પ્રમાણમાં એકાએક વધારો થતા બટાકાનું વાવેતર કરનાર ભૂમિપુત્રોને હાશકારો થયો હતો.

ઠંડીનો માહોલ ન જામતા બટાકાના પાક પર જોખમ

જિલ્લાના ખેડૂતોએ શિયાળામાં ઘઉં પછી સૌથી વધુ બટાકાનું વાવેતર કર્યું છે અને હજુ વાવેતર ચાલુ છે પરંતુ બટાકાના વિકાસ માટે વાતાવરણમાં ઠંડક હોવી જરુરી છે. પરંતુ ચાલુ સાલે શિયાળો શરૂ થયાને ડિસેમ્બર માસ અડધો થવા આવ્યો છતાં દિવસે વાતાવરણમાં ગરમી અને રાત્રીના સમયે નહિવત ઠંડક અનુભવાઈ રહી છે અને લગાતાર ઠંડકના બદલે હળવી ઠંડકનો અહેસાસ થતા બટાકાના પાકમાં જોઈએ તેવી વૃધ્ધિ જોવા મળતી નથી તેવો જિલ્લાના ભૂમિપુત્રોએ સૂર વ્યકત કર્યો હતો. પાકને બચાવવા ખેડૂતો પિયત તેમજ મોંઘીદાટ દવાઓ અને રાસાયણિક ખાતરો નાખી બટાકાને પાકને બચાવવા હવાતિયા મારવા લાગ્યા છે. આગોતરૂ વાવેતર કરનારા ખેડૂતોને બટાકાના ઉત્પાદનમાં ભારે નુકશાન સહન કરવાનો વારો આવશે તેવી ગંભીર સ્થિતિનું નિર્માણ થયું હતું. પરંતુ પાછલા ત્રણ દિવસથી વાતાવરણમાં રાત્રે ઠંડીનો ચમકારો જોવા મળતા ખેડૂતોના જીવે હાશકારો અનુભવ્યો હતો.

છ માસ પહેલાની ચોરીનો ભેદ ઉકેલાયો : બેની ધરપકડ

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદ શહેરના બાપુનગર ભીડભંજન હનુમાન મંદિર પાસે છ મહિના પહેલા થયેલી ચોરીનો ભેદ આખરે ઉકેલાઈ ગયો છે. આ સંદર્ભમાં છારા ગેંગના બે સાગરિતોની સોનાના બે ટુકડા તથા રોકડ સહિત ૪૩૯૩૦૦ના મુદ્દા માલ સાથે ધરપકડ કરી લેવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચે ઝડપાયેલા બંને આરોપીની પુછપરછ હાથ ધરી છે. આસ્ટોડિયા ઢાળની પોળ ત્રણ રસ્તા ખાતેથી સિદ્ધાર્થ ઉર્ફે નરસિંહ અને પ્રતિક ઉર્ફે લગડોની ધરપકડ કરી લેવાઈ છે.

બંને છારાનગરના હોવાનું જાણળા મળ્યું છે. આરોપીઓ પાસેથી સોનાના બે ટુકડા જેની કિંમત રૂપિયા ૩,૮૮,૩૦૦ અને રોકડ રકમ રૂ.૨૧,૦૦૦ કબજે કરાઈ છે ઉપરાંત બાઈક મળી છે જેથી કુલ ૪,૩૯,૩૦૦ના મુદ્દામાલ મળી આવ્યો છે. પકડાયેલા બંને આરોપીઓની સઘન પુછપરછ કરતાં છ મહિના અગાઉ બંને આરોપીઓ તેમજ તેના બે સાગરીતો ઘરમુ છારા તથા આસુતોષ છારા ઉર્ફે આશિષ સાથે બાઈક અને એક્ટીવા લઈ બાપુનગર ભીડભજન હનુમાન મંદીર પાસે ગયા હતા. જ્યાં ભીડ વધારે હોવાથી મંદીર આગળ પાર્ક કરેલા વાહનોમાંથી સફેદ કલરની એકટીવાના ડેકીમાંથી પર્સની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી કરેલ પર્સને જોતા તેમાંથી સોનાદાગીના તથા સોનાના ટુકડા તેમજ રોકડ રકમ ૩૦,૦૦૦ મળી આવ્યું હતું. જેમાંથી સોનાના દાગીના તેના સાગરીત લઈ ગયો અને સોનાના બે ટુકડા આરોપીમાં એ પોતાની પાસે રાખી મુક્યા હતા.

આ અંગે બાપુનગર ખાતે ગુનો નોંધાયો હતો. પકડાયેલા આરોપીઓની પુછપરછ કરતાં બંને આરોપીઓ જન્મથી છારાનગર રહે છે. આરોપીઓ અગાઉ અમદાવાદ શહેર તથા અન્ય શહેરોના મોલ કે પાર્ટી પ્લોટ કે પાર્કિંગ વાળી જગ્યાએ પાર્ક કરેલા વાહનોની ચોરી કરી આરોપીઓ મોડેન્સઓ પરેન્સી ધરાવે છે. બંને આરોપીઓની એક આરોપી સિદ્ધાર્થ અગાઉ એલિસબ્રિજ ખાતે ચાર વર્ષ અગાઉ વસ્ત્રાપુર તેમજ સાતેક વર્ષ અગાઉ નાસિકના પંચવટી ખાતે તેમજ ચાર વર્ષ અગાઉ રાજકોટ ખાતેના ચોરીના કેસમાં પકડાયો હતો. આ ઉપરાંત પાંચ મહિના અગાઉ કાલુપુર ખાતે વેપારીનો પીછોકરી તેના એક્ટીવાની ડેકીમાંથી ૨.૪૦ લાખની ચોરી કરી હતી.

ઉઠાંતરી કેસ : શખ્સ પિસ્તોલ તેમજ કારતુસ સાથે ઝડપાયો

કૃષ્ણનગર વિસ્તારમાં હાલમાં જ આઈસીઆઈસીઆઈ બેંકની રોકડ રકમ અને ગાડી સાથે ઉઠાંતરી કરી ગયેલા આરોપી શખ્સને બનાવટી પિસ્તોલ અને કારતૂસ સાથે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી છે. તેની પાસેથી એક પિસ્તોલ અને પાંચ કારતૂસ મળી આવ્યા છે. આરોપીની રખિયાલ ડાયનાસોર ત્રણ રસ્તા પાસેથી ધરપકડ કરાઈ છે. રવિકુમાર રામદયાળ ડી-૪૫ વિભાગ-૧ પાર્શ્વનાથ ટાઉનશીપમાં રહે છે. તેની પાસેથી દેશી બનાવટની પિસ્ટલ નંગ-૧ રૂ. ૨૫,૦૦૦ તથા નાના કારતુસો નંગ કિ. ૨૫૦ મળી આવતા કબજે કરવામાં આવ્યા છે. પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી જન્મથી અમદાવાદ રહે છે અને ડ્રાઈવીંગનુ કામ કરે છે. આરોપી અગાઉ નારોલ ખાતે હુડાઈ કંપનીમાં નોકરી કરતો હતો. છેલ્લા પાંચ મહિનાથી આઈસીઆઈસીઆઈ બેંકની એટીએમની કેશવાનમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. અમદાવાદ શહેરમાં આવેલ આઈસીઆઈ સીઆઈ બેંકના એટીએમ સેન્ટરોમાં કેશ ભરવા માટે બેંક કર્મચારી સાથે જતો હતો અને માસીક ૧૦,૦૦૦ પગાર આપતા હતા. પકડાયેલા આરોપીની વધુ પુછપરછ કરતાં આરોપીએ એક મહિના પહેલાજ બેંકની રોકડ રકમ ભરેલ વાન લઈ નાસી જવા માટેનું કાવતરૂ કર્યું હતું.

અતીતની આજ

(૪ પાનાનું ચાલુ...)

પોતાના જ વતન કરમસદમાં માનપત્ર મેળવતાં સરદાર જ કહી શકે કે ગુલામોને વળી કુળ કેવાં? ''અમે મોટા ગામના છીએ એવું મિથ્યાભિમાન, અમે ઊંચા કુળના છીએ એવું મિથ્યાભિમાન, આપણે છોડવું જોઈએ. ગુલામોને વળી કુળ કેવાં? જેમણે સરકારની ખુશામત કરેલી, પોતાના સમાજનું નુકસાન કરીને સરકારને મદદ કરેલી, એમને દેસાઈગીરીઓ મળેલી. એનું અભિમાન શું?... જે સેવા કરે અને જે ચારિત્ર્યવાન હોય એ જ સાચા કુળવાન છે.''

લખનઉમાં ૬ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સરદારે મુસ્લિમોને બે નાવ કે બે ઘોડાની સવારી કરવાને બદલે એકની પસંદગી કરી લેવાની સલાહ આપી ત્યારે મૌલાના આઝાદ સહિતનાએ મહાત્મા ગાંધી સુધી એની ફરિયાદ કરી. બાપુએ સરદાર વતી બચાવ કરવો પડ્યો કે એ આખાબોલા છે, પણ મનમાં પાપ રાખતા નથી. સરદાર કહે કે બાપુ, મને આ બધી ઝંઝટમાંથી છૂટો કરો. ક્યાં લગી તમે મારી વતી ખુલાસા કરતા રહેશો? વાસ્તવમાં સરદારે મુસ્લિમોને ભારત કે પાકિસ્તાન બેમાંથી એકની પસંદગી કરી લેવાની સલાહ આપી હતી.લખનઊના એમના ભાષણમાં એમણે વારંવાર પોતાને મુસ્લિમોના સાચા મિત્ર-હમદર્દ ગણાવ્યા હતા. 'હું સ્પષ્ટ શબ્દોમાં કહેનાર છું. હું હિંદુ અને મુસલમાન બંનેને સમાન રીતે કડવી વાતો કરું છું. મેં કહ્યું છે તેમ હું મુસલમાનોનો મિત્ર છું.'

ઉદ્યોગપતિ બી.એમ. બિરલાએ સરદારને સવાલ કર્યો કે હવે મુસલમાનોને તો એમનું પાકિસ્તાન મળી ગયું તો આપણે હવે આપણા દેશનું નામ 'હિંદુસ્તાન' કરી ના દેવું જોઈએ? ખિન્ન સરદારે આ દેશ માત્ર હિંદુઓનો જ નહીં, તમામ ધર્મો અને વર્ગોના લોકોનો હોવાની શીખ બિરલાને ગૂંજે બંધાવી હતી. એમના મતે હિંદુ અને મુસ્લિમ ભેગા મળીને જ આ દેશને મહાન બનાવી શકે છે. એટલે જ સરદાર પટેલ રાજાજીના કે હિંદુવાદીઓના તમામ મુસ્લિમોને પાકિસ્તાન મોકલી દેવાના અને ત્યાંથી તમામ હિંદુઓને ભારતમાં સ્થળાંતરિત કરવાના વિચાર સાથે સંમત નહોતા.

અહિંસાને મારગ ચાલવા સંકલ્પબદ્ધ સરદાર પટેલ હિંસાના માર્ગે આઝાદીને સદાય અપવિત્ર લેખતા હતા. બ્રિટિશ શાસન સામે લડવા માટે યુવાકાંતિકારીઓને 'ત્રાસવાદના સંપ્રદાય' (કલ્ટ ઑફ ટેરરિઝમ) માટે પ્રેરિત કરનાર કે હિંદુ જાગૃતિનું આક્રમક નવમોજું પ્રસરાવવા આતુર વિનાયક દામોદર સાવરકર ના સરદારને પસંદ હતા કે ના એમના સમર્થકોને. મહાત્મા ગાંધીની હત્યા પાછળ સાવરકરપ્રેરિત હિંદુ મહાસભાવાદીઓનો હાથ હોવાનો સરદારનો દૃઢ મત હતો. સાવરકરવાદીઓ ગાંધીજી અને કૉંગ્રેસને ભાગલાના પાપી ગણતા હતા.

ભારતના ભાગલાનો અપયશ લેવાનું સરદાર પટેલને કબૂલ-મંજૂર હતું કારણ હળાહળને પણ પી જાણનાર એમનું મહાન વ્યક્તિત્વ હતું. હિંદુવાદીઓ મહાત્મા ગાંધી અને કૉંગ્રેસને શિરે ભાગલાનો દોષ નાંખવાની હીન પ્રવૃત્તિમાં રમમાણ હતા ત્યારે સરદારે કહ્યું હતું: ''લોકો કહે છે કે ભારતનું વિભાજન કૉંગ્રેસે કર્યું. આ સત્ય છે. અમે લોકોએ આ જવાબદારી સારી રીતે વિચાર્યા પછી લીધી છે, કોઈ ભય કે દબાણને કારણે નહીં. હું તો ભારતના વિભાજનનો પ્રબળ વિરોધી હતો, પરંતુ કેન્દ્ર સરકારમાં મુસ્લિમ લીગ સાથેના અનુભવ પછી વિભાજન માટે સહમત થવું પડ્યું.'' વચગાળાની કેન્દ્ર સરકારમાં કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ સાથે હતાં, પણ નાણાં ખાતું મુસ્લિમ લીગ પાસે હતું. એટલે સરકારના કૉંગ્રેસી પ્રધાનો પટાવાળાની નિમણૂક પણ નહીં કરી શકવા જેવી વિવશતા અનુભવતા હતા. એવા સંજોગોમાં 'મુસ્લિમ લીગની મનોવૃત્તિ અને મુસ્લિમ લીગ સમર્થક સરકારી અધિકારીઓના વલણથી ભારતનું વિભાજન અનિવાર્ય બની ગયું હતું.' સરદારનું કહેવું હતું: ''વિભાજનનો પ્રબળ વિરોધ કર્યા છતાં હવે હું એ માટે સહમત થઈ ગયો, કારણ કે મેં અનુભવ્યું કે ભારતની એકતા જાળવી રાખવા માટે વિભાજન (એટલે કે ભારત અને પાકિસ્તાન) થઈ જવું જોઈએ.'' સરદાર ઝીણા અને પાકિસ્તાનના વિચારના વિરોધી હતા અને એટલા માત્રથી એમને મુસ્લિમવિરોધી ચીતરવા અનુચિત છે.

મૂળભૂત રીતે નાસ્તિક અને બૉમ્બ સંસ્કૃતિના ક્રાંતિકારી માર્ગે અંગ્રેજો સામે લડત ચલાવવાના સમર્થક એવા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને બ્રિટિશ સરકારે ગુપચૂપ ફાંસી આપી દીધી. એ જ અરસામાં માર્ચ ૧૯૩૧ દરમિયાન કરાંચી ખાતે કૉંગ્રેસના ૪૫મા અધિવેશનના અધ્યક્ષપદે સરદાર પટેલ હતા. ગાંધીજી સહિતનાનો વિરોધ દર્શાવતા યુવકોએ તેમને કાળાં ફૂલ આપ્યાં હતાં અને વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ગાંધીજીએ ભગતસિંહ સહિતના ક્રાંતિકારીઓના બચાવમાં કાર્યવાહી નહીં કર્યાના આક્ષેપ સાથે વાતાવરણ તંગ હતું. આવા તબક્કે સરદારે અધ્યક્ષપદેથી કરેલા પ્રવચનના અંશ ખૂબ સૂચક અને અહિંસાના તેમના પરના પ્રભાવના દ્યોતક છે:

''નવજવાન ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને થોડા જ દિવસ ઉપર ફાંસી મળી છે. તેથી દેશને પારાવાર ઉકળાટ થયો છે. એ યુવકોની કાર્યપદ્ધતિની સાથે મારે નિસબત નથી. બીજા કોઈ પણ હેતુને માટે ખૂન કરવું તેના કરતાં દેશને માટે કરવું એ ઓછું નિંદ્ય છે એમ હું માનતો નથી, છતાં ભગતસિંહ અને સાથીઓની દેશભક્તિ, હિંમત અને બલિદાન આગળ મારું શિર ઝૂકે છે. આ યુવાનોને થયેલી ફાંસીની સજા બદલીને દેશનિકાલ કરવામાં આવે એવી લગભગ આખા દેશની માંગણી છતાં સરકારે એમને ફાંસી દઈ દીધી છે, એ હાલનું રાજતંત્ર કેટલું હૃદયશૂન્ય છે તે પ્રગટ કરે છે.''

આજકાલની યુવાપેઢી ગાંધીજીની અહિંસાની વિભાવનાને સમજ્યા વિના એની ઠેકડી ઉડાવતી જોવા મળે છે. સત્તાધીશો પણ ગાંધીના નામને વટાવીને હિંસક માર્ગને અપનાવનારા ક્રાંતિકારીઓને લોકનાયક તરીકે આગળ ધરી રહ્યા હોય ત્યારે સમગ્ર દેશ સામે ખતરાની ઘંટડી વાગે છે. આજના આવા સંજોગોમાં ગાંધીના આદર્શોને આચરણમાં લાવનાર એટલે કે 'ગાંધીની થિયરીને ઍપ્લાઇડ સ્વરૂપ આપનાર' સરદાર પટેલે કહ્યું છે: ''એ વસ્તુ નિર્વિવાદ છે કે અહિંસાનો સામુદાયિક પ્રયોગ એ હવે સ્વપ્નદર્શીનું સ્વપ્ન કે માનવીનો મિથ્યા મનોરથ નથી રહ્યો, પણ સાચી સિદ્ધ વસ્તુ છે, એમ હિંદુસ્તાને જગતની આગળ પ્રગટ કરી દીધું છે. આજ સુધી માનવજાત હિંસાની દેવી બનાવીને બેઠી હતી. એથી અકળાતી હતી, પણ અહિંસાની સફળતા વિશે એને શ્રદ્ધા નહોતી.''

ગાંધીજી અને એમના ગાંધી વિચારના વૈશ્વિક પ્રભાવને જોતાં સરદારની ભવિષ્યવાણી સાચી પડતી જોવા મળે છે, પરંતુ ઘરઆંગણે જ અહિંસા અને હિંસા વચ્ચેની ભેદરેખાની વિભાવના આબાલવૃદ્ધોમાં વધુ સ્પષ્ટ કરવાની આજે તાતી જરૂર છે.

લેખક - સરદાર પટેલવિષયક બાબતોના નિષ્ણાત અને વરિષ્ઠ પત્રકાર છે.

ઈ-મેઈલ : haridesai@gmail.com

સીધી ફ્લાઈટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાગે મુંબઈથી રવાના થશે અને ૧૧.૩૦ વાગે લંડન પહોંચશે. રિટર્ન વેળા પણ ફ્લાઇટ એઆઈ-૧૩૦ ૧.૩૦ વાગ્યાના સ્થાનિક સમયે લંડનથી રવાના થશે અને ૪ વાગે મુંબઈ પહોંચશે. આગલા દિવસે ૬.૪૫ વાગે અમદાવાદ પહોંચશે. રુટિન માટે એર ઈન્ડિયા દ્વારા બોઈંગ બી-૭૮૭ ડ્રીમ લાઈનરની સેવા લેવામાં આવશે જેમાં એક સાથે ૩૦૦ જેટલા યાત્રીઓ બેસી શકે છે. આ ફ્લાઇટ ખુબ જ મહત્વપૂર્ણ છે. ૧.૫ મિલિયન જેટલા ભારતીયો આનો ઉપયોગ કરી શકે છે. ગુજરાતી લોકો દ્વારા લાંબા સમયથી અમદાવાદથી લંડન વચ્ચે સીધી ફ્લાઇટ શરૂ કરવાની માંગ થઈ રહી હતી. ગુજરાતી લોકોની સંખ્યા બ્રિટનમાં ખુબ મોટી છે.

બનાવટી નોટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વટાવવાના પ્રયાસમાં હતા. બાતમી બાદ એસઓજીની ટુકડીએ જાળ બીછાવી હતી જેમાં આ બંને ફસાઈ ગયા હતા. આરોપીઓ ૧. મોફીઝુલ નઝરૂલ શેખ (ઉ.વ.૨૦) અને ૨. શાહ બુદ્દીન નઝરૂલ શેખ (ઉ.વ.૨૫) નાઓની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા બંને આરોપીઓની સઘન પુછપરછ કરતાં બંને આરોપીઓ સગાભાઈ હોવાનું જણાવ્યું હતું.

આ બનાવટી નોટો બાબુ બદર શેખ, આશાનદ્દીન શેખ (રહે. પ.બંગાળ)નાઓ પાસે લાવ્યા હોવાનું જણાવ્યું હતું. પકડાયેલા બંને આરોપીઓની વધુ પુછપરછ કરતાં બંને આરોપીઓ અગાઉ બે વર્ષથી મુંબઈ અને ગુજરાતમાં આ ગુન્હાને અંજામ આપતા હતા. આરોપીમાં ફીઝુલ ઉર્ફે રાહુલ મુંબઈના કોયલ ડાન્સ બારમાં જતો હતો અને ત્યાંથી ડાન્સબાર ગર્લ સોફી નામની છોકરી સાથે લગ્ન કર્યા હતા. જેથી આ ગુન્હાને તે અંજામ આપી શકે આ અંગે પોલીસે આરોપી સાથે વધુ પુછપરછ હાથ ધરી છે.

ગુજરાતમાં ઠંડી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન્યૂનતમ તાપમાન ૬ ડિ.સે. થી પણ નીચે જવાની સંભાવના છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ઠંડી પડશે. ગુજરાતના ભાગો અંગે જોઈએ તો ઉત્તર ગુજરાત ભાગો પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા તેમજ ગુજરાતના અન્ય વિભાગો જેમ કે ખાખરી ટપ્પા ચૂવાળ, વઢીયાર, હારીજ વગેરે ભાગોમાં શીત લહેર અનુભવાશે. જ્યારે મધ્ય ગુજરાતના ભાગોમાં ઠંડીની અસર પણ જોવા મળશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ